# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-05-2024 MORNING : 7.45 to 7.55

- ✓ લોકસભા ચુંટણીના આગામી તબકકાઓ માટે પ્રચારમાં વેગ – ટોચના રાજકીય નેતાઓ આજે ઉત્તરપ્રદેશ, બિહાર અને દિલ્હીમાં જાહેર સભાઓ સંબોધશે.
- ✓ પાંચમાં તબકકામાં ૪૯ બેઠકો પર મતદાન વધીને ૬૨.૨ ટકા નોંધાયું.
- ✓ દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના રાજયોમાં ૨૫ મે સુધી પ્રચંડ ગરમીની આગાહી – નૈઋત્યનું ચોમાસુ આગળ વધ્યું.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઇરાનની મુલાકાતે.
- ✓ આઇપીએલમાં કોલકત્તા નાઇટ રાઇડર્સે – સનરાઇઝર્સ હૈદરાબાદને પરાજય આપી ફાયનલમાં પ્રવેશ કર્યો – આજે RCB અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ.

## Political Campaign

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા અને સાતમા તબક્કા માટે ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોનાં ટોચનાં નેતાઓ પોતાનાં પક્ષનાં ઉમેદવારો માટે જાહેરસભાઓ અને રોડ શો યોજી રહ્યા છે.

વારાણસીમાં માતૃ શક્તિ સંમેલનમાં મહિલાઓને સંબોધતા શ્રી મોદીએ ગઇ કાલે જણાવ્યું હતું કે, ઇન્ડિ ગઠબંધન મહિલા વિરોધી છે અને તેઓ મહિલા અનામતનો વિરોધ કરે છે. શ્રી મોદીએ જણાવ્યું કે, કોંગ્રેસનાં શાસનમાં મહિલાઓ સલામત નહતી, જ્યારે હાલમાં યોગી આદિત્યનાથનાં શાસનમાં મહિલાઓ સલામત છે. સંપૂર્ણાનંદ

સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તેમણે ગૃહિણીઓ, ડોક્ટરો, શિક્ષકો, વેપારીઓ, એડવોકેટ અને રમતવીરો સાથે સીધી વાતચીત કરી હતી.

દરમિયાન, એક ખાનગી ચેનલને આપેલી મુલાકાતમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, કાશ્મીરમાં નોંધાયેલું પ્રચંડ મતદાન લોકશાહનો માપદંડ છે. શ્રી મોદીએ જણાવ્યું કે, કાશ્મીરમાં મતદાને 30-40 વર્ષનો વિક્રમ તોડ્યો છે.

શ્રી મોદીએ દાવો કર્યો હતો કે અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં ફુગાવો અંકુશ હેઠળ છે. તેમણે જણાવ્યું કે, રશિયા અને યુક્રેન વચ્ચેનાં યુધ્ધથી અનાજ, ઇંધણ અને ખાતરનાં પુરવઠા પર સીધી અસર પડી છે. અન્ય દેશોમાં ખેડૂતોને એક થેલી ત્રણ હજાર રૂપિયામાં પડે છે, પણ ભારતનાં ખેડૂતોએ માત્ર ત્રણ સો રૂપિયા જ આપવા પડે છે.

અગાઉ પ્રયાગરાજમાં એક જાહેરસભામાં તેમણે સપા અને બસપાની નીતિઓની ટીકા કરી હતી. સપાના પ્રમુખ અખિલેશ યાદવે ભદોહીમાં સભાને સંબોધી હતી. આજે ઉત્તરપ્રદેશમાં ટોચનાં નેતાઓ પ્રચાર કરશે.

પ્રધાનમંત્રીશ્રી મોદી આજે ઉત્તરપ્રદેશમાં બસ્તી અને શ્રાવસ્તીમાં ઉપરાંત દિલ્હીમાં દ્વારકા ખાતે જાહેરસભાઓ સંબોધશે. કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે પણ નવી દિલ્હીમાં જાહેર સભાને સંબોધશે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી સુલતાનપુરમાં અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ આઝમગઢમાં જાહેરસભા સંબોધશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળમાં કાંથી, ઘાટલ, પુરુલિયા અને બાંકુરામાં જાહેર સભાઓ સંબોધશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડ્ડા પણ આજે કોલકતામાં બે જાહેર સભાઓ સંબોધશે અને સાંજે બારાસતમાં રોડ શો કરશે.

**voting fifth phase**

સોમવારે લોકસભા ચૂંટણીનાં પાંચમાં તબક્કામાં 49 બેઠકો પર 62.2 ટકા મતદાન નોંધાયું છે એમ ચૂંટણી પંચે સુધારેલી યાદીમાં જણાવ્યું છે. અંતિમ આંકડામાં હજુ વધારો થઈ શકે છે.

ચૂંટણી પંચે તેની વોટર ટર્નઆઉટ એપ પર આપેલા આંકડા પ્રમાણે આ તબક્કામાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 78.5 ટકા મતદાન નોંધાયું છે, જે 2019ની ચૂંટણીમાં નોંધાયેલાં 80.1 ટકાની સરખામણીમાં ઓછું છે. બિહારમાં સૌથી ઓછું 56.76 ટકા મતદાન નોંધાયું છે.

## WEATHER

હવામાન વિભાગે ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 25 મે સુધી પ્રચંડ ગરમી ચાલુ રહેવાની આગાહી કરી છે.

આગામી કેટલાંક દિવસ માટે મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતનાં અનેક ભાગોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ક્રમિક વધારો થવાની આગાહી છે.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર, માલ્દિવ્સ, કોમોરિન,  બંગાળનો અખાત અને આંદામાન નિકાબોર ટાપુનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનુ ચોમાસુ આગળ વધવા માટે સાનુકુળ સ્થિતિ છે. શુક્રવાર સુધી ભારતનાં દક્ષિણ ભાગોમાં ભારેથી અતિભારે છુટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે આજે અને આવતી કાલે કેરળમાં અતિ ભારે વરસાદની સંભાવના છે. આગામી બેથી ત્રણ દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કરાઇલ, કેરળ, માહે અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદ શક્ય છે.

## Jagdeep Dhankar Iran

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાનની મુલાકાતે જશે. તેઓ 19મેનાં રોજ હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ઇરાનના

રાષ્ટ્રપતિ ડો, સૈયદ ઇબ્રાહીમ રઇસી, વિદેશ મંત્રી ડો. હૌસૈન અમીર અબ્દુલ્લાહિયન તથા અન્ય અધિકારીઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના સત્તાવાર કાર્યક્રમમાં ભાગ લેશે.

## NIA- Rameshwaram Café

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA)એ રામેશ્વરમ કાફે વિસ્ફોટ કેસના કાવતરાને ખુલ્લું પાડવા માટે ગઇ કાલે ચાર રાજ્યોમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. એનઆઇએની ટીમોએ કર્ણાટક, તામિલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં 11 સ્થળોએ શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું. આ કેસમાં 11 શંકાસ્પદો સાથે સંકળાયેલાં સ્થળોએ સઘન શોધ આદરવામાં આવી હતી.

તપાસ સંસ્થાનાં જણાવ્યા પ્રમાણે આ અભિયાન દરમિયાન વિવિધ ડિજિટલ સાધનો અને દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા, જેની તપાસ ચાલી રહી છે. આ કેસમાં એનઆઇએએ અત્યાર સુધી બે આરોપીઓ મુસવ્વિર હુસૈન શાઝીબ અને અબ્દુલ મથીન તાહાની ધરપકડ કરી છે.

આ વર્ષનાં માર્ચ મહિનામાં બેંગલુરુનાં બ્રુકફિલ્ડ વિસ્તારમાં આવેલા રામેશ્વરમ કાફેમાં બોંબ વિસ્ફોટ થયો હતો, જેમાં કેટલાંક ગ્રાહકો અને સ્ટાફનાં સભ્યોને ઇજા થઈ હતી.

## IPL

આઇપીએલ ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇ કાલે રમાયેલી પ્લે ઓફની પ્રથમ મેચમાં કોલકતા નાઇટ રાઇડર્સે સનરાઇઝર્સ હૈદરાબાદને આઠ વિકેટે પરાજય આપીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સનરાઇઝર્સ હૈદરાબાદે 159 રન કર્યા હતા,. વળતા જવાબમાં કેકેઆરએ માત્ર 13.4 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 164 રન કર્યા  કેપ્ટન શ્રેયસ ઐયરે 24 બોલમાં 58 અને વેંકટેશ ઐયરે 28 બોલમાં 51 રન કર્યા હતા.

અગાઉ ટોસ જીતીને બેટિંગ લેનાર હૈદરાબાદ 19.3 ઓવરમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રાહુલ ત્રિપાઠીએ 35 બોલમાં 55 રન કર્યા હતા. કોલકતા વતી મિશેલ સ્ટાર્કે ત્રણ વિકેટ લીધી હતી. સ્ટાર્કને પ્લેય ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે આ જ મેદાન પર એલિમિનેટર રાઉન્ડમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો થશે. **આ મેચ જીતનાર ટીમ શુક્રવારે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે. રવિવારે ફાઇનલ મેચ રમાશે.**

## ASIAN RELAY CHAMPIONSHIPS

થાઇલેન્ડના બેંગકોકમાં રમાઈ રહેલી એશિયન રિલે ચેમ્પિયનશિપમાં ભારતની પુરુષ અને મહિલા ચાર બાય ચારસો મીટર રિલે ટીમે બે રજત ચંદ્રક મેળવ્યા હતા. મુહમ્મદ અનાસ યાહિયા, ટી સંતોષ કુમાર, મિજો ચાકો કુરિયન અને રાજીવ અરોકિયાની પુરુષ રિલે ટીમ શ્રીલંકાની ટીમ સામે પરાજિત થઈ હતી, જ્યારે વિયેતનામને કાંસ્ય ચંદ્રક મળ્યો હતો.

મહિલા વિભાગમાં ભારતની વિથ્યા રામરાજ, એમ આર પોવમ્મા, રૂપલ અને પ્રાચી ચૌધરીની ટીમે પણ રજત ચંદ્રક મેળવ્યો હતો. વિયેતનામે સુવર્ણ ચંદ્રક અને જાપાને કાંસ્યચંદ્રક મેળવ્યો હતો.

અગાઉ આ મહિના પ્રારંભમાં રમાયેલી વર્લ્ડ રિલેનાં પરિણામને પગલે ભારતની પુરુષ અને મહિલા રિલે ટીમો આગામી પેરિસ ઓલિમ્પિક્સ માટે અગાઉથી ક્વોલિફાય થઈ ચૂકી છે.

## National Teachers Awards

ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ સંજય મૂર્તિએ ઉચ્ચ શિક્ષણ માટેનાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર માટે આવેદનપત્રો મંગાવતું પોર્ટલ ખુલ્લું મૂક્યું છે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને પોલિટેકનિક સંસ્થાઓનાં શિક્ષકોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસનાં રોજ આ પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાક્રિશ્નનનાં જન્મદિવસ પાંચ સપ્ટેમ્બરે દેશમાં શિક્ષક દિવસ મનાવવામાં આવે છે. આ પુરસ્કાર કોલેજ, યુનિવર્સિટી, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને પોલિટેકનિકનાં તમામ ફેકલ્ટી સભ્યો માટે ખુલ્લો છે. મંત્રાલયે જણાવ્યું છે કે ઉમેદવારને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનો ઓછામાં ઓછાં પાંચ વર્ષનો સંપૂર્ણ કાલીન શિક્ષણ અનુભવ હોવો જરૂરી છે. ઉમેદવારી રજૂ કરવાની અંતિમ તારીખ 20 જૂન છે.

## BADMINTON-RANKING

ભારતના સાત્વિક સાઇરાજ રેન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ વિશ્વ બેડમિન્ટન મહાસંઘના રેન્કીંગમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ ખેલાડીઓએ તાજેતરમાં થાઇલેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં વિજય મેળવ્યો હતો. આ વિજય સાથે ચિરાગ અને સાત્વિકની જોડીએ ચીનની લીયાંગ કેન્ગ અને વાંગ ચાંગની જોડીને પાછળ રાખીને  પ્રથમ સ્થાન મેળવ્યું છે.

## Chardham Yatra

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.. ધસારાના પગલે  ઑફલાઇન નોંધણી 31મી મે સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.. ઉત્તરાખંડના મુખ્યમંત્રી, પુષ્કર સિંહ ધામીએ ગઈકાલે ચારધામ યાત્રા અંગે દહેરાદૂનમાં એક બેઠક દરમિયાન આ સૂચનાઓ આપી હતી, સત્તાવાળાઓને

ભક્તોના ધસારાને નિયંત્રિત કરવા માટે ટૂર ઓપરેટરો માટે માર્ગદર્શિકા ઘડી કાઢવાનો નિર્દેશ આપ્યો હતો..

દરમિયાન, રાજ્યના ચારેય ધામોમાં યાત્રાળુઓની અવરજવર સરળતાથી ચાલી રહી છે, છેલ્લા 10 દિવસમાં આશરે 7 લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામના દર્શન કર્યા છે.